# ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
## પ્રથમ સત્રાંત લેખિત કસોટી
### પ્રશ્નપત્ર – A

| | | |
|---|---|---|
| તારીખ- | વિષય : ગુજરાતી | સમય |
| વાર | ધોરણ : 8 | કુલ ગુણ : 80 |

પ્રશ્ન-1 (અ) નીચેના પ્રશ્નોના સાચા વિકલ્પ શોધી લખો. (6)

(1) 'ઠંડીમાં મુજ કાયા થથરે' કાવ્યપંક્તિમાં કાયા શબ્દનો અર્થ શું સૂચવે છે?

(ક) મન (ખ) કાચ (ગ) શરીર (ઘ) માયા

2. માતાની આંગળીના ટેરવાના સ્પર્શથી બાળકોને શાની અનુભૂતિ થાય છે?

(ક) આનંદ (ખ) દુઃખ (ગ) શોક (ડ) પીડા

3. કવિ કોને જીવતા પ્રેત માને છે?

(ક) શ્રીમંત લોકોને (ખ) ભૂખ્યા લોકોને

(ગ) ગરીબીમાં જીવતા લોકોને (ઘ) અંધશ્રદ્ધાળુ લોકોને

4. 'આજ આનન્દ' કાવ્યનો પ્રકાર જણાવો.

(ક) સોનેટ (ખ) ગઝલ (ગ) લોકગીત (ડ) હાઇકુ

5. 'એક જ દે ચિનગારી' કાવ્યમાં 'ચિનગારી'નો અર્થ શું સુચવે છે?

(ક) અગ્નિ સ્વરૂપ પરમાત્મા (ખ) દિવાસળીનો તણખો

(ગ) હુતાશણીનો અગ્નિ (ઘ) જ્ઞાન અને સમજનો તણખો.

6. પવિત્ર જગ્યા કે વ્યક્તિની ચારે-બાજુ ગોળ-ગોળ ફરવું એટલે .....

(ક) પરિક્રમણ (ખ) પ્રદક્ષિણા (ગ) આંટા-ફેરા (ઘ) તીર્થયાત્રા

પ્રશ્ન-1 (બ) જોડકાં જોડો (4)

| અ | બ |
|---|---|
| 1. વિશ્વાનલ | 1. ધૂળિયે મારગ |
| 2. ખમ્મા | 2. આજ આનન્દ |
| 3. સાદુ સાત્વિક જીવન | 3. એક જ દે ચિનગારી |
| 4. મોતીડાં | 4. તને ઓળખું છું મા |

(ક) કાવ્યપંક્તિ પૂર્ણ કરો. (5)

ચાંદો સળગ્યો,................... મહાનલ એક જ દે ચિનગારી

પ્રશ્ન-2 (અ) નીચેના પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યમાં આપો. (ગમે તે ત્રણ) (6)

1. જુમો ભિસ્તી પાઠમાં વેણુની સમજદારી કેવી રીતે વ્યક્ત થઇ છે?
2. દોડતો મહેમાન શા માટે થંભી ગયો?
3. તામ્રપત્ર લેખમાં શું લખેલું હતું?

(બ) સવિસ્તાર જવાબ લખો. (8)

1. ગ્રીનસિટી વિશે તમારા શબ્દોમાં લખો.
2. દેવળિયા  ગામની ધૂળેટીનું વર્ણન કરો.

(ક) કારણો આપો. (6)

1. વિધાનસભાગૃહમાં પ્રવેશવા પરવાનગી જરૂરી છે.
2. જુમાએ ઘણા તડકા છાંયડા જોયા હતા.
3. વખારમાનું બધું અનાજ દેશની ભૂખે મરતી પ્રજા માટે હતું.

પ્રશ્ન-3 સૂચના પ્રમાણે કરો.

1. સંધિ છૂટી પાડો. (2)

   1. મહાનલ  2. કવીન્દ્ર

2. અલંકાર ઓળખાવો.. (2)

   1. સંસાર સાગર તરવો મુશ્કેલ છે.

   (અ) ઉપમા (બ) રૂપક (ક) વર્ણાનુપ્રાસ (ડ) ઉત્પ્રેક્ષા

   2. નાણાં વગરનો નાથિયો નાણે નાથાલાલ

   (અ) ઉપમા (બ) રૂપક (ક) વર્ણાનુપ્રાસ (ડ) ઉત્પ્રેક્ષા

3. વાક્યનો પ્રકાર ઓળખાવો (2)

   1. મહાનલ તરફથી એક ચિનગારી અપાઇ.

   2. નયનથી સવારમાં ફરવા નીકળાયું.

4. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (2)

   1. ભૂતકાળના પ્રસંગો, અનુભવો, વિચારો વગેરે ચિત્તમાં સંઘરવાની શક્તિ-

   2. વૃદ્ધ છતાં મજબૂત બાંધાનું-

5. વાક્યમાં લીટી દોરેલા વિશેષણનો પ્રકાર ઓળખાવો. (2)

   1. સાહિલ <u>નીચો</u> છે.

2. તમારી <u>લાલપેન</u> મને આપો.

6. કહેવતનો અર્થ લખો. (1)

1. ચેતતા નર સદા સુખી અથવા

રૂઢિપ્રયોગ શોધી તેનો અર્થ લખો.

1. જુમાએ જીવનમાં ઘણા તડકાં-છાયડાં જોયા

7. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો. (2)

1. સ્મરણ 2. અલ્પાહાર 3. પૃથ્વી

8. સાચી જોડણી લખો. (ગમે તે બે) (2)

1. ટિકિટ 2. લક્ષાધીપતિ 3. વીશીષ્ટ

પ્રશ્ન-4 (અ) પત્રલેખન કરો. (5)

તમારી શાળામાં યોજાયેલ વિજ્ઞાનમેળાનો પત્ર તમારા મિત્રને લખો.

(બ) કોઇપણ એક વિષય પર નિબંધ લખો. (10)

1. મારો પ્રિય તહેવાર

2. મારી પ્રિય ફિલ્મ

3. આદર્શ ગામ.

પ્રશ્ન-5(અ) ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપો. (5)

(અ) આજ હવે વેણુની પીઠ ઉપર મોટી મોટી મશક ભરીને જુમો સવારના પાંચ વાગ્યામાં નીકળતો. વેણુની ઘંટડી ધીમે વાગતી હોય ને જુમો એકાદ ગઝલ કે ગીત લલકારતો ચાલ્યો જતો હોય. બારણે બારણે પાણી ભરી દીધા પછી શેઠ ને નોકર બંને પાછા વળતા. જુમાએ એક પૈસાનાં ગાજર કે બહુ તો ટામેટાં, કે ભાજી પોતાના શાક માટે અને બથ ભરીને ગદબ- જેને વેણુ પાછળથી ખાતો આવતો હોય. પાડા માટે લીધા હોય. બસ, આ હંમેશાંની ખરીદી. આ જીવને આટલું કામ.

પ્રશ્નોઃ-

1. 'મશક' એટલે શું?
2. 'ગદબ' એટલે શું?
3. શેઠ ને નોકર એટલે કોણ?
4. જુમો શું કામ કરતો?
5. જુમાની હંમેશાની શી ખરીદી હતી?

(બ) વિચાર વિસ્તાર કરો. (ગમે તે બે)

(4)

1. મંદોદરખાન
2. જુમો
3. દેશભક્ત જગડુશા

(ક) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ આપો.. (ગમે તે ત્રણ) (6)

1. લેખકે અઢીઆના કેવી રીતે મેળવ્યા?
2. લોકોમાં આનંદ શાથી પ્રસર્યો છે?
3. જુમા અને વેણુનો મૈત્રીભાવ ક્યાં-ક્યાં પ્રગટ થાય છે?
4. 'વાત વિપત્તની ભારી' શા માટે?